## ક્રિમીનલ કેસ નં.૨૦૦૪૪૧/૧૯૯૮ ના કામે આંક–૧ લગત હુકમ.

---

આ કામે રેકર્ડ ઘ્યાને લેવામાં આવે તો આસી.રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ કે જેઓ ફરીયાદી છે તેઓએ કુલ ૮ આરોપીઓ સામે ફરીયાદ દાખલ કરેલી છે. જેમાં આરોપી નં.૧ કંપની છે અને આરોપી નં. ૨ થી ૮ તેના ડાયરેકટરો છે. જેમાંથી આરોપી નં.૩, ૫ અને ૬ નાઓએ ગુનો કબુલ કરેલ હોય જેથી તેઓને નામદાર કોર્ટે તકસીરવાન ઠરાવી દંડ કરતા તેઓએ દંડની રકમ ભરી દીધેલ હોય જેથી આરોપી નં.૩, ૫ અને ૬ સામેનો કેસ પુર્ણ થઈ ગયેલ છે. જયારે આરોપી નં.૭ ચાલુ ટ્રાયલ દરમ્યાન મરણ ગયેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે. ત્યારબાદ અન્ય આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી માટે પ્રોસેસ કરવામાં આવેલ હોવા છતાં આરોપીઓને સમન્સ/વોરંટ બજે કે વગર બજે પરત આવેલ નથી. આ બાબતે ફરીયાદપક્ષના સ્પે. વિ.પ્રોસિકયુટરનું પણ ઘ્યાન દોરવામા આવેલ અને સરનામું રજૂ કરવા જણાવેલ, પરંતુ તેઓ તરફથી આજદિન સુઘી આરોપીઓના સરનામા રજૂ કરવામા આવેલ નથી તેમજ અરજીઓ પણ રજૂ કરવામા આવેલ નથી. હાલની ફરિયાદ એ ખાનગી ફરિયાદ તરીકે દાખલ થયેલ છે તેથી ફરિયાદીની ફરજ છે કે, આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી થાય તેવી કાર્યવાહી કરવી અને જો આરોપીઓના સરનામા ન હોય તો પણ તેઓએ સરનામું મેળવીને રજૂ કરવું જોઈએ. અદાલત પોતે આરોપીઓનું સરનામું મેળવી શકે તેમ નથી, જેથી જો ફરિયાદી આરોપીઓના સરનામા રજૂ ન કરે તો તે કારણસર કેસની કાર્યવાહી આગળ વધી શકે નહીં અને આજ કારણસર છેલ્લા કેટલાક વર્ષોથી આરોપીઓના સરનામા વગર કેસની કાર્યવાહી આગળ વધી શકેલ નથી. સદર કેસમાં અવારનવાર ઘણી મુદત આપવામાં આવેલ તેમ છતાં પણ ફરીયાદપક્ષ આરોપીઓને હાજર કરી શકેલ નથી. વળી, સદર કેસ ઘણો જુનો છે તેમજ નામદાર હાઈકોર્ટે પણ જૂના કેસમાં તુર્ત જ નિકાલ કરવા બાબતે સુચનો કરેલ છે. આ સંજોગોમાં ફરિયાદી આટલા વર્ષોમાં પણ આરોપીઓના સરનામા રજૂ કરી શકેલ ન હોય અને તે કારણે કેસની કાર્યવાહી આગળ વધી શકે તેમ ન હોઈ એક માત્ર વિકલ્પ અદાલત પાસે ફરિયાદ કાઢી નાખવાનો જ રહે છે જે તમામ હકીકત ઘ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

૧. આ કામે આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી કરાવવા માટે પુરતો પ્રયત્ન કરાવવા છતાં

સમન્સ/વોરંટ બજેલ નથી તેમજ ફરીયાદપક્ષે આરોપીઓના સાચા સરનામા રજુ કરેલ ન હોય સદર કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે અને આરોપીઓને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ફરીયાદપક્ષને ભવિષ્યમાં આરોપીઓ અગર તો આરોપીઓના સરનામાં મળી આવે તો તેઓ હાલના કેસમાં તે સંબંધે જરુરી કાર્યવાહી કરી શકશે.

હુકમ આજરોજ તા.૧૩/૦૮/૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૮/૨૦૨૨.

(ભાવેશકુમાર હીરાલાલ કાપડીયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ. **(GJ00687)**